Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH




## સનાતન ધર્મ

આપણે જે કાંઈ છીએ તે આપણા વિચારોનું પરિણામ છે. આપણા વિચારો પર તેનો પાયો મંડાયેલો છે. આપણા વિચારોથી તેનું ઘડતર થયું છે. જે કોઇ માણસ બૂરા વિચારથી ખોટા કર્મ કરે છે તેની પાછળ, ગાડાંને ખેંચતા બળદના પગ પાછળ જેમ પૈડું ચાલે છે તેમ દુ:ખ ચાલ્યા કરે છે. જે કોઇ માણસ પવિત્ર વિચારથી બોલે કે કર્મ કરે છે તેની પાછળ, કદી ન છોડી જનારી છાયાની જેમ સુખ આવે છે.

મને ગાળો દીધી, મને માર્યો, મને જીતી ગયો, મારું લઈ ગયો, જેઓ એવી ગાંઠ વાળી રાખે છે તેમનું વેર શમતું નથી. મને ગાળો દીધી, મને માર્યો, મને જીતી ગયો, જેઓ એવી વાતની ગાંઠ મનમાં વાળતા નથી, તેમનું વેર શમે છે.

આ જગતમાં કદી વેરથી વેર શમતું નથી (પણ) અવેરથી વેર શમે છે. એ સનાતન ધર્મ છે.

"સમર્પણ"માંથી


પુસ્તક ૫૮
અંક
૯

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

અષાડ
સં. ૨૦૧૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | સુભાષિત | | ૧૩૭ |
| ૨ | અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થોદ્ધારક | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૩૮ |
| ૩ | જીવનપંથ ઉજાળ | ( સ્વ. પાદરાકર ) | ૧૪૦ |
| ૪ | યુવાનીને જવા ન દો | મોહનજીતસિંહ | ૧૪૧ |
| ૫ | માયાજાળ | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૧૪૩ |
| ૬ | ક્ષણભંગુર જીવન | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૪૫ |
| ૭ | ઉત્તમ શીલ | અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ | ૧૪૮ |
| ૮ | અવસાન નોંધ | | ૧૫૨ |


## સમાચાર સાર

**ભાવનગર** શ્રી જૈન શ્વે. મૂ. તપાસંઘની નવી વ્યવસ્થાપક સમિતિની ચુંટણી તા. ૨-૭-૬૧ને રવિવારના રોજ સવારના ૯-૦ થી સાંજના ૭ વાગ્યા સુધી ગુપ્ત મતદાન પદ્ધતિથી કરવામાં આવી હતી તેમાં નીચે પ્રમાણે ઉમેદવારો ચુંટાઈ આવ્યા છે.

૧થી ૨૨ અ વીસા શ્રીમાળી તથા તળપદા કત્તાના નીચેના ૨૨ ઉમેદવારો ચુંટાઈ આવ્યા છે. ( વધુ મતના અનુક્રમ પ્રમાણે )

૧ શ્રી નગીનદાસ પરમાણંદદાસ વોરા, ૨ શ્રી અમૃતલાલ રતિલાલ ભગત, ૩ શ્રી ભાઈચંદ અમરચંદ શાહ, ૪ શ્રી ગુલાબરાય મૂળચંદ શાહ, ૫ શ્રી પરમાણંદદાસ ન. વોરા, ૬ શ્રી ચત્રભુજ જે. શાહ, ૭ શ્રી મનસુખલાલ ના. પારેખ, ૮શ્રી જગજીવદાસ ભ. શાહ, ૯શ્રી બેચરદાસ ના. શાહ,૧૦ શ્રી જયંતીલાલ મા. શાહ, ૧૧ શ્રી તલકચંદ પા. શાહ, ૧૨ શ્રી મોહનલાલ મેઘજી શાહ, ૧૩ શ્રી કાન્તિલાલ લ. ટોપીવાળા, ૧૪ શ્રી અમુલખ શામજી, ૧૫ શ્રી ખાન્તિલાલ મૂ. શાહ, ૧૬ શ્રી જયંતીલાલ મ. શાહ, ૧૭ શ્રી અમૃતલાલ ગી. શાહ, ૧૮ શ્રી નગીનદાસ લલ્લુભાઈ શાહ, ૧૯ શ્રી અનંતરાય જાદવજી શાહ, ૨૦ શ્રી જીવરાજ તેજપાળ, ૨૧ શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ, ૨૨ શ્રી મોહનલાલ જગજીવન શાહ.

૨૩થી ૨૬ બ વીસાશ્રીમાળી ઘોઘારી કત્તાના ૪ ઉમેદવારો ચુંટાઈ આવ્યા.

૧ શ્રી અર્જુનભાઈ ને. શાહ, ૨ શ્રી જીવણભાઈ ગોરધન શાહ, ૩ શ્રી મનુભાઈ ઘડીયાળી ૪ શ્રી ગીરધરલાલ મ. મોતીવાળા.

નીચેના ઉમેદવારો બિનહરીફ ચુંટાયેલ જાહેર થયા હતા:

વીસાશ્રીમાળી રાધનપરા બે ઉમેદવારો.

૨૭-૨૮ ૧ શ્રી વેલચંદ જેઠાભાઈ ૨ શ્રી હીરાલાલ ભાણજી શાહ.

૨૯-૩૦ વીસાશ્રીમાળી ધોળકીયા ૧ મનસુખલાલ ચં. ધ્રુવ, ૨ શ્રી મહીપતરાય માણેકચંદ શાહ.

૩૧થી ૩૩ દસાશ્રીમાળી તળપદા : ૧ શ્રી અમૃતલાલ જેઠાલાલ ૨ શ્રી કાન્તિલાલ રતિલાલ, ૩ શ્રી સવાઈલાલ ઓધવજી.

૩૪-૩૫ દશાશ્રીમાળી રાધનપરા: ૧ શ્રી ભોગીલાલ મગનલાલ, ૨ શ્રી પરમાણંદ માણેકચંદ.

૩૬ દસા સુખડીય.: ૧ શ્રી રમણલાલ અમૃતલાલ

૩૭ વીસા ઓસવાળ: ૧ શ્રી વીનોદરાય લલ્લુભાઈ

૩૮ થી ૪૨ ભાવસાર: ૧ શ્રી કેશવલાલ જીવરાજ, ૨ શ્રી નાનાલાલ પ્રાણજીવન, ૩ શ્રી નાનચંદ ત્રીભુવન ૪ શ્રી નાનચંદ ભગવાન, ૫ શ્રી હરીચદ ત્રીભુવન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૮ મું ] અષાઢ તા. ૧૫-૭-૬૧ અંક ૯ મો ]

## सुभाषित

त्यक्त्वापि निजप्राणान् परहितविघ्नं खलः करोत्येव ।
कवले पतिता सद्यो वमयति मक्षिकाऽन्नभोक्तारम् ॥

### દોહરા

પડી ગ્રાસમાં મક્ષિકા, ખુએ પલકમાં પ્રાણ;
જમનારાને પણ કરે, વમન કરાવી હાણ.
ખલજનની પણ જગતમાં, જાણે એવી રીત;
પ્રાણ તજીને પણ કરે, પરહિત વિઘ્ન ખચીત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થોદ્ધારક

## પં૦ શ્રી ભાવવિજય સ્વાધ્યાય

( કવિ :—સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ, માલેગામ )

[ નવકારના છંદની દેશી ]

આચાર્ય મુનીશ્વર જ્ઞાનદિવાકર વિજયદેવસૂરિરાયા
બોધે જિનવાણી મુનિવર નાણી ઉપદેશે જન ભાયા
ભવિજન એક આવે સરળ સ્વભાવે ઓસવાળ કુળગામ
જાગ્યો જસ આતમ ભાન સદાગમ ભાનિરામ જસ નામ ૧

વિનવે ગુરૂવરને તારો મુજને સ્વીકારી તુમ દાસ
આપો મુજ દીક્ષા દેઇ હિતશિક્ષા પૂર્ણ કરો મુજ આસ
કર મસ્તક મૂકી ગુરૂજી વિવેકી ભાવ વિજય તસ કીધ
બહુ પાઠ ભણાવી શાસ્ત્ર સુણાવી પદ પન્યાસ જ દીધુ ૨

યાત્રા બહુ ફરતા ધર્મ આચરતા વિચરે દેશ વિદેશ
ગરમી અતિ પડતા નેત્રે નડતા થાય કારમો કલેશ
અંધાપો આવે કર્મ ખપાવે પૂછે ગુરૂને ઉપાય
ગુરૂ શાસ્ત્ર વિલોકી બહુ વિધ નિરખી મંત્ર વિશેષ બતાય ૩

પદ્માવતી દેવી મંત્ર જપંતે પ્રસન્ન તેને કીધ
એ સ્વપ્ને આવી માર્ગ બતાવી આશ્વાસન તસ દીધ
શિરપુર વૈદર્ભે પાર્શ્વ આરાધે જે છે તુજ આધાર
એ પ્રગટ પ્રભાવી ભવિજન ભાવી અંતરિક્ષ ગુણસાર ૪

મુનિ સંઘ રચાવે ભવિજન આવે નિકળી જાત્રા ભાવે
માર્ગે વિચરંતા ધર્મ કરંતા પ્રભુ ગુણ કીર્તન ગાવે
કેઇ મંદિર નમતા જાત્રા કરતા દેશ વિદર્ભે આવે
દર્શન સહુ સંઘે કીધા રંગે હર્ષ સંઘને આવે ૫

મુનિ ભાવવિજય નહીં દર્શન પાવે નેત્ર વિના કિમ જોવે !
પ્રભુને ઇમ વિનવે શું તુજ દર્શન કહિએ મુજને ન થાવે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી ત્યાગ અન્નજલ પ્રભુની આગળ ધ્યાન ધરે એક ચિત્ત
સ્તવના બહુ કરતા પ્રભુ ગુણ ગાતા એહ ભજે બહુ ભાત ૬

લાખોના પૂર્યા સર્વે મનોરથ જગમાં એહ પ્રસિદ્ધ
જયાં થાય કૃપા તવલવ પણ ક્ષણમાં નવનિધિ થાએ સિદ્ધ
અષ્ટોત્તર શત નામ પ્રતિષ્ઠિત જગમાં અનુપમ જેહ
દાખે તુજ ગુણમણિ ઝગમગ સુંદર રવિસમ દીપે તેહ ૭

તૂં પાર્શ્વ શુભંકર ભક્ત શિવંકર ભવજલ તારણ હાર
શ્રી અંતરિક્ષ પ્રભુ અધર વિરાજિત શ્રીપુર નગર મોઝાર
તૂં પુરિસાદણી ગુણમણિખાણી પાપનિવારણ હાર
સહુ સંકટ ચૂરે રોગ નિવારે તૂં પ્રભુ જગદાધાર ૮

થઈ એકતાના પ્રભુ ગુણ ગાતા ગદગદ કંઠે થાય
પ્રભુ ઇષ્ટદેવ ત્યાં પ્રસન્ન થાતા આનંદ અંગ ન માય
મુનિ ભાવવિજયના ભાવ ફળ્યા ને વિજય ભક્તનો થાય
નેત્રોના પડલો ગળીયા વેગે મંગલ પ્રભુ ગુણ ગાય ૯

શ્રી અંતરિક્ષ પ્રભુ ધન્ય અને હો ધન્ય જ પાર્શ્વ જિણંદ
મનવાંછિત પૂરે દુરિત નિવારે જિમ તમ હરણ જિણંદ
મુનિ ભાવવિજય જય જય મુખ બોલે દેખી પ્રભુ મુખ ચંદ
નિજ હૃદય નાચતા શરીર ડોલતા નૃત્ય કરે ભવિ વૃંદ ૧૦

સત્તરસો પન્નર ચૈત્ર શુકલની પંચમી ને રવિવાર
સંઘે જીર્ણોદ્ધાર કરાવ્યો ભાવવિજય સહ સાર
શ્રી વિજયદેવ ને ભાવવિજયની ચરણપાદુકા* કીધ
પ્રસ્તુત ગોખે શ્રી પ્રભુ પધરાવ્યા અધર વિરાજિત કીધ ૧૧

વિજ્ઞાનયુગે કલિકાળે અદ્ભુત ચકિત ચિત્ત બહુ થાય
પ્રત્યક્ષ વિલોકી એહ ચમત્કૃતિ નતમસ્તક થઇ જાય
અધરાંગ વિરાજિત જનમન રંજિત અંતરિક્ષ પ્રભુ પાસ
ભક્તિવશ ગાવે પાવન થાવે બાલેન્દુ ગુણ જાસ ૧૨

---

* આ પગલાઓ અને પ્રાચીન પીઠિકા હાલમાં વિદ્યમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનપંથ ઉજાળ

**( આશા–રાગ )**

જીવનપંથ ઉજાળ—મનવા

લક્ષ ચોર્યાસી ફરતાં મળીઓ માનવભવ ઉજમાળ,
પીછાન પામ્યાં આત્મ પ્રભુની તજને ડાકડમાળ.—મનવા

રાગ દ્વેષ મદ મોહ કુટિલતા કરતાં હાય–વરાળ,
જીવનપંથ નવ લાધ્યો સાચો ગયો અનંતોકાળ.—મનવા

માત તાત સુત બાંધવ ગુંથ્યાં જાળાં આળ પંપાળ,
લપટાયાં ભૂલ્યાં માનવતા ભૂલ્યાં જગત્ દયાળ !—મનવા

ઘડિ બેસવું આસન સાધી ચિત્ત શાન્ત સુરસાળ,
વિચારવું હું કોણ–શું મ્હારૂં ? કયાં મન ભરતું ફાળ.—મનવા

ધન દોલત સત્તા પ્રભુ દીધાં મળી વિમળની માળ,
ત્હારૂં શું રંધાણું માનવ કહે જીત્યો ત્હેં કાળ.—મનવા

નિર્મળ મન દૃઢ શ્રદ્ધા પ્રભુમાં ભણવું સંયમશાળ,
આત્મ ઉંડાણે ઉતરી ખોળે ચિદાનંદની જવાળ.—મનવા

રહી સંસારે પણ અંતરિયે રહે નહિં સંસાર,
અલિપ્ત જળને કમળ સરીખો આત્મ લહે ભવ પાર.—મનવા

આત્મ શાન્તિને નિજાત્મ કાન્તિ ૐ મુદ્રા ધર ભાલ,
સદા શિવ–શંભુ પ્રકટાવો તુંહિ તુંહિ બજે સિતાર.—મનવા


પ્રભુ ભુલોના પ્રભુ ભુલેના આપે જય જયપાળ,
પ્રકુટાવો પ્રભુની પ્રભુતાને અંતર પ્રભુ નિહાળ.—મનવા

શ્રદ્ધાભર કર્તવ્યે તત્પર ૐ તત્ સત્ પોકાર,
પરમ પ્રેમ પર બ્રહ્મ પ્રકટતાં વાગે વિજય સિતાર.—મનવા

પ્રભુને આણુ અણુમાં પ્રભુવત્ બાલ ગોપાલ,
[illegible] કૃપાળ.—મનવા

( સ્વ. પાદરાકર )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યુવાનીને જવા ન દો

મોહનજીત સિંહ

મિલિટરીમાં બધાને જ યુવાન માનવામાં આવે છે. ત્યાં વળી બુઢ્ઢાઓનું શું કામ હોય ? સરદાર જવાહરસિંહ મિલિટરીના એક ' રિટાયર્ડ ' અફસર છે. પેન્શન મેળવતાં મેળવતાં એમને અગિયાર વરસ થઈ ગયાં તો પણ તેઓ પોતાને હંમેશ જુવાન જ માને છે.

પેલે દિવસે અમારા એક મિત્રને ઘેર લગ્ન હતાં. જલસો ચાલી રહ્યો હતો. સરદાર જવાહરસિંહ પણ ત્યાં આવ્યા હતા. હું યે ત્યાં હતો. થોડાક નવ-જુવાનોએ સરદારને ઘેરી લીધા. વાતોવાતોમાં એક જણે એમની ઉમર પૂછી નાખી. તે તરત જ બોલ્યા–' આઈ એમ ઓન્લી સિકસ્ટીસિકસ ઇયર્સ યંગ ' ( હું માત્ર છાસઠ વર્ષનો જુવાન છું. )

સાંભળતાં જ બધા હસી પડયા. મને એની આ વાતમાંથી કાંઈક તથ્ય મેળવવાની ઈચ્છા થઈ. એટલે એમને જ ફરી મેં પૂછ્યું : છાસઠ વર્ષની ઉંમરે તમે જુવાન શી રીતે હોઈ શકો ? '

## યુવાન હોવાનું રહસ્ય

એમણે કહ્યું–' હું માનું છું કે હું હજુ બુઢ્ઢો થયો નથી. એટલે તો તમારા જેવા જુવાનોની મહેફિલમાં બેસવામાં મને મઝા પડે છે.

આ ઉંમરે પણ શારીરિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ તેઓ પૂર્ણ સ્વસ્થ છે. પોતાનાં બધાં કામ જાતે કરે છે.

જુવાનીમાં ઉત્સાહ, સાહસ, ઉમંગ ભરપુર હોય છે. કોઈનો આધાર લેવાની ઈચ્છા થતી નથી, સિંહ સાથે બાથ ભીડવાનું સાહસ હોય છે.

સાધારણ રીતે વાળ પાકી જાય તેને બુઢાપાનું આગમન કહેવામાં આવે છે. પણ હકીકતમાં વાત જુદી છે.

એક દિવસ સરદારજીને ઘેર એમને મળવા માટે ગયો તો પોતાના મકાનની લોનમાં પોતાની જુવાન પુત્રી શરણ સાથે તેઓ બેડમિંટન રમી રહ્યા હતા. મને આવતો જોઈ તેમણે રમત છોડી દીધી અને ડ્રોઈંગ રૂમમાં જઈને બેઠા. એમના યુવાન રહેવાનું રહસ્ય મને મળી ગયું.

## જિન્દાદિલી શરીરને યુવાન બનાવે છે

સ્વભાવતઃ ઉંમર તો તમારી વધવાની જ અને જીવનની ઉંમરની પ્રત્યેક વિશેષ અવસ્થામાં કરવા યોગ્ય કામો પણ બદલાતાં રહેવાનાં. તમારી ઉંમર વધી રહી છે એ તથ્યનો અસ્વીકાર કરવો એ તો નરી મૂર્ખતા જ છે.

મારા મિત્ર સરદાર સાહેબ, જેમનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે, તે કાંઈ એવું માનવાનો ઇન્કાર કરતા નથી કે એમની ઉંમર વધી રહી છે તો પણ એમના યુવાન હોવાનું પ્રમાણ આપણને મળતું રહે છે–જ્યારે આપણે જોઈએ છીએ કે તેમના પગમાં સ્ફૂર્તિ છે, આંખોમાં તેજ છે, મસ્તકમાં તીવ્ર ગ્રહણશીલતા છે. તે યુવાનોની જેમ વિચારે છે, એમનું મસ્તક યુવાન છે અને એમની જિન્દા-દિલી એમના શરીરને પણ યુવાન બનાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા દેશમાં એક જૂની કહેવત ચાલી આવે છે કે જુવાની જઇને આવતી નથી, બુઢાપો આવીને જતો નથી, અને એ કહેવત તો શું, જીવનને એક નિયમ બની ગયો છે. એ નિયમ આગળ આપણે બધા માથું ઝુકાવતા આવ્યા છીએ.

## જુવાનીને જવા નહીં દો

પણ મારી વાત માનો તો—તમે જો યુવાનીને જવા નહિ દો તો બુઢાપો આવશે જ નહિ. તમે કહેશો આ વળી શી અટપટી વાત ?

તો સાંભળો, આ વાત અટપટી નથી પણ રહસ્યોથી ભરપૂર છે. તમે મારા મિત્ર છો એટલે આ રહસ્ય તમને બતાવું છું. ચ્યવન મહર્ષિએ આજથી સેંકડો વર્ષ પૂર્વે હંમેશ માટે યુવાન રહેવાનો નુસ્ખો બતાવ્યો હતો, પણ તમે એની અજમાયશ તમારી ઉપર કરી શકયા નથી, કારણ કે એની સેવનવિધિ જરા વક્ર છે.

વરસાદ પડી ગયા પછી તમે બહાર જાઓ છો ત્યારે તમારાં સાફ કપડાંનો જરા ખ્યાલ રાખીને ચાલો છો કે કયાંક છાંટા ન ઊડે, ડાઘ ન પડે. એવું કરવા માટે તમારે કોઇ વિશેષ કષ્ટ ઉઠાવવું પડતું નથી. એવી જ રીતે તમે યુવાન રહેવા ઇચ્છતા હો તો થોડાક નિયમોને હંમેશ યાદ રાખો અને એની અવહેલના ન કરો.

## પહેલું સૂત્ર

પહેલું સૂત્ર એ છે કે તમે તમારી ચાલને ધીમી ન કરો. તમને કદી બુઢ્ઢા સમજો નહિ, તો બુઢાપો તમારી પાસે કદી ફરકશે નહિ. પોલેન્ડ-નિવાસી પ્રસિદ્ધ અભિનેતા–નિર્માતા સ્ટાવસ્કીએ ૧૦૯ વર્ષની ઉમર સુધી રંગમંચ પર નાટકો રજૂ કર્યા છે અને જાતે તેમાં ભાગ લીધો છે.

બુઢાપાના આગમનની સાથે લોકો ધીમે ચાલવા લાગે છે, ધીમા વાહનો પર સવારી કરે છે, પણ સ્ટાવસ્કી ૧૦૯ વર્ષની ઉંમરે પણ પોતાની ચાલ ધીમી કરવાનું ઇચ્છતા નથી. એટલે જ તો થોડા વખત પહેલાં એક નવી અભિનેત્રીનો અભિનય જોઇ તેમણે કહ્યું હતું–'આહા, હું જો ફરી ૯૦ વર્ષનો થઇ શકું !' ૯૦ વર્ષ એ તેમને માટે યુવાવસ્થા હતી !

## બીજું સૂત્ર

બીજું સૂત્ર છે, દુનિયા પ્રતિ અનુરાગ ચાલુ રાખવો. અનાસક્તિ પણ વૃદ્ધાવસ્થાને આમંત્રે છે. પ્રસિદ્ધ તત્ત્વવેત્તા જોન ડયૂઇની ૯૦ મી વર્ષગાંઠે તેમની સાથે વાતચીત કરતાં એક ડૉકટરે કહ્યું: 'ફિલસૂફી ? ફિલસૂફીમાં શું રાખ્યું છે ? બતાવો તો, શું રાખ્યું છે એમાં ?'

ડયૂઇએ શાંતિથી ઉત્તર આપ્યો : 'ફિલસફીનો એક લાભ એ છે કે એના અધ્યયન પછી પહાડો પર ચઢવાનું સંભવિત બની જાય છે !'

પહાડો પર ચઢવાનું સંભવિત બને છે ? ઠીક, માન્યું છે કે ફિલસફીનો એ લાભ છે, તો પણ એ પ્રશ્ન બાકી રહે છે કે પહાડો પર ચઢવાથી શું લાભ થાય છે ?

લાભ એ છે, કે એક પહાડ પર ચઢયા પછી બીજો એવો જ પહાડ દેખાવાનો શરૂ થઇ જાય છે, જેના પર ચઢવાનું અઘરું લાગે છે, અને એના પરથી ચઢાઇ સમાપ્ત થયા પછી ફરી ત્રીજો એવો પહાડ દેખાય છે, જેના પર ચઢવાનું વળી એથીયે કઠિન લાગે છે, પણ જ્યારે પહાડો પર ચઢવાની રુચિ સમાપ્ત થઇ જાય ત્યારે માનવું કે જીવનમાં હવે કશું જ બાકી રહ્યું નથી.

રુચિ સમાપ્ત થઇ તો જીવન–સફરની પણ સમાપ્તિ માની લેવી; પણ જ્યાં સુધી તમારામાં રુચિ છે ત્યાં સુધી તમે જુવાન છો.

## ત્રીજું સૂત્ર

ત્રીજું સૂત્ર એ છે કે તમે જુવાનો જેવું દૃષ્ટિબિંદુ રાખો અને જુવાનો તથા બાળકોના કામમાં દિલચસ્પી લો. પ્રધાનમંત્રી શ્રી. જવાહરલાલ નેહેરુએ પોતાની ૭૧ મી વર્ષગાંઠના પ્રસંગે દિલ્હીથી પ્રસારિત થયેલા ટેલિવિઝન કાર્યક્રમમાં જણાવ્યું હતું કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માયાજાળ

લે:-શાન્તમૂર્ત્તિ સેવાભાવી મુનિ શ્રી લક્ષ્મીસાગરજી-ચુડા

**મા**યા એટલે દંભ, પ્રપંચ, કપટ વિગેરે માયાવી માણસ દંભી, પ્રપંચી, કપટી વિગેરે હલકા ઉપનામોથી ઓળખાય છે અને સર્વત્ર અનાદર તિરસ્કાર પામે છે.

માયાવીની મતિ જેને તેને છેતરવાની હોય છે, અને તેજ પ્રપંચમાં તેની વિચારજાળ પથરાએલી હોય છે. માતા પિતા અને ગુરુ આદિ પૂજ્યજનોને પણ છેતરે છે. તેને અન્યની પરાધીનતા સેવવી પડે છે અને પોતાની જાળ ખુલ્લી ન પડે તે માટે નિરંતર ભય રાખવો પડે છે. માયાવી બહારથી નવનીત જેવો નમ્ર છતાં અંદરથી અત્યંત કઠિન અને કઠોર હોય છે. જ્યારે સરળ આત્મા તો જેવો બહાર હોય છે તેવો જ અંદર હોય છે તેથી સરળ સ્વભાવી જ્યાં ત્યાં માન-સત્કાર પામે છે. માયાવીની ધર્મકરણી નિષ્ફળ થાય છે જ્યારે સરળની સફળ થાય છે.

માયા અસત્યને જન્મ આપનારી માતા, શીલ-વૃક્ષને કાપવાની ફરશી, અવિદ્યાની જન્મભૂમિ અને

---

'મને આશ્ચર્ય થાય છે, કે આ ઉંમરે પણ બુઢાપાની મારી ઉપર અસર પડી શકી નથી. સ્વતંત્રતા સંગ્રામના દિવસોમાં ગાંધીજીની સાથે મળીને મોટાં મોટાં કામોમાં મગજને રોકવાનો પ્રસંગ આવ્યો, જેમાં અમારે નાની નાની વાતોને ભૂલી જવી પડતી હતી. ત્યારથી નાની વાતોને મગજમાં ન આવવા દેવાની આદત પડી ગઇ છે. બીજું કારણ છે બાળકો પ્રત્યેનો મારો પ્રેમ. મને પહાડો, જનાવરો પક્ષીઓ વૃક્ષો ને ફૂલોમાં ઘણી દિલચસ્પી છે'

મોટે ભાગે એવું જોવામાં આવે છે, કે જેમ જેમ લોકોની ઉંમર વધતી જાય છે તેમ તેમ દુનિયા તરફનો એમનો દૃષ્ટિકોણ બદલાતો જાય છે. નવી પેઢીની તેઓ તીવ્ર ટીકા કરવા લાગે છે. સાઠ વર્ષની ઉંમરે આપણે એક માઈલ ન દોડી શકીએ, તરીને નદી પાર ન કરી શકીએ, પણ એના સબંધમાં વિચાર કરીને આનંદ તો લઈ જ શકીએ છીએ.

**ચોથું-પાંચમું સૂત્ર**

ચોથું સૂત્ર છે, દુનિયા સાથેનો તમારો સંપર્ક તૂટવા ન દો. મિત્રો વચ્ચે તમારું સ્થાન અકબંધ રાખો, નહિ તો એકાકી જીવન તમને ખાઈ જશે. આપણે જુવાન રહેવું હોય તો જીવન અને સમાજ વચ્ચે મેળ રાખવો પડશે

પાંચમું અને સૌથી મહત્ત્વનું સૂત્ર એ છે, કે તમે સદા પ્રસન્ન રહો અને બીજા લોકો માટે કાંઇક કરતા રહો. સમાજના હિત માટે કરવામાં આવતાં કામોમાં સમયનો ઉપયોગ કરવાથી તમને ખૂબ આનંદ મળશે. આ આનંદમાંથી તમને જુવાન રહેવા માટેની અદ્ભુત શક્તિ મળશે. માણસ જ્યાં સુધી કોઈના ઉપયોગનો હોય ત્યાં સુધી તે જુવાન રહેવા ઇચ્છે છે.

આ પ્રમાણે જુવાની ઘણે અંશે આપણી પોતાની વિચારસૃષ્ટિ પર નિર્ભર છે. એનો જેટલો સંબંધ શારીરિક સ્થિતિ સાથે છે, તેટલો જ માનસિક સ્થિતિ સાથે પણ છે.

('નવનીત'માંથી સાભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગતિનું કારણ છે, કુટિલપણામાં ચતુર અને માયા વડે બગલાની જેમ વૃત્તિવાળા પાપી પુરુષો જગતને વંચતા પોતાના આત્માને જ વંચે છે, રાજાઓ ખોટા પટગુણન યોગથી છળ અને વિશ્વાસઘાત વડે અર્થ લોભ માટે સર્વ જગતને છેતરે છે. બ્રાહ્મણો તિલક મુદ્રા, મંત્ર અને દીનત્વ બતાવી અંતરમાં શૂન્ય અને બહાર સારવાળા થઈ લોકોને ઠગે છે. વણિક લોકો ખોટા તોલા અને માનમાપથી અને દાણચોરી વિગેરેથી ભોળા લોકોને વંચે છે પાખંડીઓ અને નાસ્તિકો જ પમોંજી, શિખા, ભસ્મ વલ્કલ અને અગ્નિ વિગેરેથી શ્રદ્ધાવાળા મુગ્ધજનને ઠગે છે. વેશ્યાઓ અરાગી છતાં હાવભાવ, લીલા, ગતિ અને કટાક્ષવડે કામીજનોનું મનરંજન કરતી સર્વ જગતને ઠગે છે. દ્યૂતકારો અને દીનદુઃખી ખોટા સોગનથી અને ખોટા નાણાથી ધનવાનને વંચે છે. સ્ત્રીપુરુષ, પિતાપુત્ર, સહોદર, સુહૃદજન, સ્વામીસેવક અને બીજા સર્વે એક બીજાને માયાવડે ઠગનારા હોય છે. કારીગર અંત્યજ અને કોઈ પણ જાતનું કામ કરી આજીવિકા ચલાવનાર ખોટા સોગનો ખાઇ સાધુજનને વંચે છે વ્યંતરાદિકની નઠારી યોનિમાં રહેલા ક્રૂર દેવો છળકપટ કરી પ્રાયઃ પ્રમાદી મનુષ્યોને અને પશુઓને પીડે છે. મત્સ્યાદિકજલચરો છળ કરીને પોતાના બચ્ચાઓનું જ ભક્ષણ કરે છે અને તેઓને ધીવર માયાવડે જાળમાં બાંધે છે અને હણે છે. વિવિધ પ્રકારના ઉપાયો કરી વંચનામાં પ્રવીણ શીકારીઓ પણ માયાથી જ સ્થળચારી પ્રાણીઓને બાંધે છે. અને મારે છે અને તેવી જ રીતે પક્ષીઓ સાથે વર્તે છે.

આ પ્રમાણે પ્રાણીઓ જગતમાં પરવંચના કરવામાં તત્પર પ્રાણીઓ પોતાના આત્માને જ વંચી સ્વર્ગ અને અપવર્ગ ગતિનો નાશ કરે છે. તેથી તિર્યંચમાં ઉત્પન્ન થવાનું ઉત્કૃષ્ટબીજ, મોક્ષદ્વારની ભૂંગળ અને વિશ્વાસરૂપ વૃક્ષને દાવાનળ સમાન માયા વિદ્વાનોએ ત્યાગ કરવા યોગ્ય છે.

પૂર્વભવની માયાના કારણે મલ્લિનાથ તીર્થંકરને પણ સ્ત્રીપણું પ્રાપ્ત કરવું પડ્યું. માયાથી જગતનો દ્રોહ કરનારી માયાસર્પિણીને જગતને આનંદનું કારણ સરળતારૂપ ઔષધવડે જીતી લેવી.

સરળતાને વરેલા સંસારમાં રહેલા આત્માઓ પોતાથી જ અનુભવાય તેવું અકૃત્રિમ મુક્તિસુખ મેળવે છે. જેઓના મનમાં માયારૂપ શંકુ કલેશ કર્યા કરે છે અને જેઓ બીજાને હાનિ કરવામાં જ તત્પર છે. તેવા વંચક પુરૂષને કયાંથી સુખ હોય? સર્વ વિદ્યાઓમાં વિદ્વત્તા મેળવ્યા છતાં અને સર્વ પ્રકારની કળાઓ પ્રાપ્ત કર્યા છતાં ધન્ય પુરૂષોને જ બાળકના જેવી સરળતા પ્રગટે છે. બાળક અજ્ઞ છતાં તેની સરળતા પ્રીતિ ઉપજાવે છે તો જેઓના ચિત્ત સર્વ શાસ્ત્રોના અર્થમાં આસક્ત થએલા છે તેમની સરળતા પ્રીત્તિ ઉપજાવે તેમાં શું કહેવું? સરળતા સ્વભાવિક ધર્મને છોડી કૃત્રિમ ધર્મનો કોણ આશ્રય કરે? પ્રાયઃ સર્વજનો છળ, પિશુનતા, વક્રોક્તિ અને પરવંચામાં તત્પર છે, તો તેમાં રહ્યા છતાં પણ સુવર્ણ પ્રતિમાના પેઠે નિર્વિકારી રહેનાર કોઇક વન્ય પુરૂષ જ હોય છે. સર્વ ગણધરો જોકે શ્રુત સમુદ્રના પારને પામ્યા હોય છે. તથાપિ શિક્ષા લેવાને યોગ્ય હોય તેમ તીર્થંકરની વાણીને સરળતાથી સાંભળે છે.

જે સરળપણે આલોચના કરે છે તે સર્વ દુષ્ટ કર્મને ખપાવે છે અને જે કુટિલપણે આલોચના કરે છે તે એવડા દુષ્કર્મ હોય તો તેને ઉલટાં વધારે છે.

જે મન, વચન અને કાયાથી સમસ્ત પ્રકારે કુટિલ છે તેમનો મોક્ષ થતો નથી પણ જે મન–વચન–કાયાથી સર્વત્ર સરળ છે તેનો મોક્ષ થાય છે. માયાવી પોતાના કરેલા પાપો સદ્ગુરુ પાસે પ્રગટ કરી પ્રાયશ્ચિત લઇ શકતો નથી. માયા સાપણી જગત્ માત્રને ડંસી ગુણ સત્વનો નાશ કરે છે માટે માયા–કુટિલતા સર્વ દોષોનું મૂળ હોઈ મોક્ષાર્થીઓએ સર્વથા માયાજાળ તજવા જેવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષણભંગુર જીવન

( લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ, માલેગામ )

જન્મથી મૃત્યુ સુધી માનવનું જે જીવન વ્યતિત થાય છે તેને એક ભવ અગર જીવન કહેવાય છે. એવા જીવનો અગર ભવો જીવે અનેક વ્યતીત કરેલા છે સેંકડો હજારો કે કરોડો નહીં પણ જે સંખ્યા આપણી ગણત્રીમાં પણ ન આવેલી હોય એટલા જીવનો દરેક માનવે વ્યતીત કરેલા છે. તેથીજ જન્મોની અને મરણોની સંખ્યા શાસ્ત્રીય ભાષામાં અનંતી કહેવાય છે. જ્યારે જીવને અનંતીવાર જન્મ્યા પછી મરવાનું હોય છે અને એની પરંપરા અનંત કાળથી ચાલતી આવતી હોય અને તેનો અંત ક્યારે આવશે એ વસ્તુ આપણા દૃષ્ટિપથમાં પણ ન હોય ત્યારે આપણે એ જીવનને ક્ષણભંગુર કહીએ એ સ્વાભાવિક છે. એટલે જ જ્ઞાનીઓ એ જીવનનું વર્ણન કરતા તેને પાણીના પરપોટાની ઉપમા આપે છે. પાણીનો પરપોટો ઘણો સુંદર અને મનોહર આકર્ષક જણાય છે. અને જ્યારે સૂર્યના કિરણો એમાં પરિવર્તન પામે છે ત્યારે તેની શોભા અનેરી જણાય છે. વિવિધ રંગોના સુમેળથી એ પરપોટો આપણુ મન હરણ કરી લ્યે છે આપણે તે પરપોટા ઉપર મોહી પડીએ છીએ. આપણને લાગે છે કે, એ પરપોટો ઉંચકી લેઈ તેને જરા હાથ ઉપર રમાડીએ તો મઝા આવે. પણ એમ કલ્પના કરતા તો હવાનું જરા જેવું મોજું આવે છે અને એ પરપોટો ફુટી જાય છે. અને ભૂતકાળમાં વિલીન થઈ જાય છે. તેથી જ પરપોટો ક્ષણવાર ગમે તેટલો સારો જણાતો હોય છતાં તેની કીમત આપણે આંકતા નથી. અને એને ક્ષણજીવી કહી તેને તુચ્છ ગણીએ છીએ.

આપણા અનંત જીવનો એવી જ રીતે નષ્ટ ભ્રષ્ટ થઈ ગયા છે. તે બધા જીવનો ક્ષણભંગુ તરીકે આપણે ગણીએ એમાં આશ્ચર્ય નથી. આમ સ્પષ્ટ દેખીતુ છતાં આપણા જીવનને જાણે અમરરૂપે ગણી વ્યવહારમાં વર્તીએ છીએ. પરપોટાને આપણે સ્થિર કે અમર ગણતા નથી, કારણ એનું જન્મમૃત્યુ આપણી સમક્ષ જોતજોતામાં થએલું આપણે જોઈએ છીએ. એનું ઉત્પાત વ્યય અને ધ્રુવપણું આપણે પ્રત્યક્ષ અનુભવગમ્ય જોઈએ છીએ. શું આપણા જીવનની આબેહુબ એવી જ અવસ્થા નથી ? પરપોટાની પેઠે અનંત જીવો આપણી નજર સામે જન્મ લ્યે છે અને મૃત્યુ પામે છે. આજે હમણા હતા અને ઘડી પછી ન હતા એવો અનુભવ ક્ષણેક્ષણે મળવા છતાં આપણે એ વસ્તુ કેમ ભૂલી જઈએ છીએ એ આશ્ચર્ય છે. આપણું જીવન જાણે શાશ્વત રહેવાનું છે એવી ભ્રામક કલ્પના કરી આપણે નિત્ય ક્ષણેક્ષણે અનંત પાપો કરતા રહીએ છીએ. એ જોઈ ઘડીભર આપણે ઘણો ખેદ અનુભવી વિમાસણમાં પડી જઇએ છીએ.

આ જીવન સાચે જ ક્ષણભંગુર છે એ જાણવા માટે કાંઈ પુરાવા શોધવા પડે એમ તો નથી જ. એક અત્યંત નાનું બાળક હોય છે તે અનુક્રમે વધે છે અને મોટું થાય છે, એ આપણે નિત્ય જોઇએ છીએ. એમાં એનું બાલ્ય જીવન ધીમે ધીમે નષ્ટ થતું જાય છે, એટલે એ એનું બાળપણું ક્ષણભંગુર છે એ તો દેખીતી વાત છે. કહેવું પડશે કે એ બાળક નિત્ય જુના પુદ્ગલો નાંખી દે છે અને નવા પુદ્ગલો ભેગા કરતું જાય છે તેથી એ અમુક કાળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્ય મરે છે અને નિત્ય નવો જન્મ ધારણ કરે જાય છે. એટલા માટે આ સતત જીવન મરણને ક્ષણભંગુર ગણવું જોઇએ એ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

જ્ઞાનીજનો આ નિત્ય જન્મમરણના ચક્રવ્યૂહ ઉપરથી આખા શરીરના જન્મમૃત્યુ તરફ જોવાની દૃષ્ટિ મેળવે છે. અને ચાલુ જીવનમાંથી જેમ બને તેમ વધુ લાભ મેળવવા પ્રયત્નશીલ રહે છે. કોઇ ખેડુત ચોમાસામાં પડતા વરસાદનો પોતાનો પાક સમૃદ્ધ થાય તે માટે યુક્તિપૂર્વક તત્પરતા વાપરી ઉપયોગ કરી લે છે, અગર કોઈ વેપારી સતત જાગૃત અને સાવચેત રહી માલની તેજી કે મંદીનો યોગ્ય માર્ગે લાભ લેઇ સમૃદ્ધ થાય છે, તેમ જ્ઞાનીઓ પણ આ અમૂલ્ય અને દુષ્પ્રાપ્ય જીવનનો પોતાના આત્માના કલ્યાણ માટે વધુમાં વધુ લાભ લેવા તૈયાર અને સાવચેત રહે છે. આપણે તો એ તક હમેશ જતી જ કરીએ છીએ. આપણા આત્માની સાથે પ્રમાદ, મોહ અને અનેક વિધ વિકારો અનંત ભવોથી નિગડિત થએલા છે. તેથી આપણે બધી અવસ્થા સમજવા છતાં હમેશ 'શું ઉતાવળ છે? જોઈ લેવાશે. આપણે કયાં ઘરડા થઈ ગયા!' વિગેરે ખોટા બહાના કાઢી બધી જ તકો ગુમાવીએ છીએ. અને પાછળથી ખૂબ ખેદ અને પસ્તાવો કરીએ છીએ. પણ ત્યારે તો ઘણું જ મોડું થઇ ગએલ હોય છે. 'રાંડ્યા પછીના ડાહાપણ' જેવી આપની સ્થિતિ થઇ જાય છે. એમાં દોષ કોનો!

મોહિની કર્મ એવું તો વિચિત્ર હોય છે કે એ આપણી આંખે સજ્જડ પાટા બાંધી જ રાખે છે. ક્ષણવાર આવેશમાં તણાઈ આપણે બધી સુધબુધ ખોઈ બેશીએ છીએ. અને બુદ્ધિ છતાં આપણે અબુઝપણું સેવિએ છીએ. અને આ ક્ષણજીવી જીવને જ અક્ષયજીવન છે એમ સમજી બધી ક્રિયાઓ કરતા રહીએ છીએ, આપણે મરવાના જ નથી એવી ખોટી ભાવના ધારણ કરી બેસીએ છીએ. આપણને આ જીવનની ક્ષણભંગુરતાનો ક્ષણવાર પણ સાક્ષાત્કાર થઇ જાય તો આપણે પાપ કરતા ધ્રુજીએ. અસત્ય બોલતા આપણી જીભ લુલી પડી જાય. પરધન હરણ કરતા આપણા હાથ કંપે, કોઇની નિંદા સાંભળતા આપણા કાનમાં વેદના થાય. દેવગુરૂની આશાતના કરતા આપણું હૃદય નિષ્ક્રિય થઇ જાય. અશુદ્ધ ધર્મ વિરૂદ્ધ આહાર કે પાન કરતા આપણું મ્હોં દુર્ગંધીથી ભરાઈ અપાર દુઃખ અનુભવે. અકારણ કોઇને પીડા આપતા આપણા બધા જ અંગોપાંગ લુલા પડી જાય. પણ આમ ક્યારે બને? જો આ જીવને પાણી ઉપર આવતા પરપોટા જેવું અસ્થિર લાગે તો.

આપણી અવસ્થા તો આંખ છતા આંધળા, કાન છતા બહેરા, જીભ છતા મુગા, નાક છતાં ગંધહીન જેવી થઇ ગઈ છે. મન છતા શૂન્ય હૃદયતા, અને બુદ્ધિ છતા ગાંડા માણસ જેવી થઇ ગએલી છે. તેથી જ સંયમ તપ, જપ પૂજા, પ્રભાવના, દાન પુણ્ય, ત્યાગ, વૈરાગ્ય કરવાના પ્રસંગો સામે ઉપસ્થિત થયા છતા આપણે નિષ્ક્રિય બેશી રહીએ છીએ. અહંકારના તાબે જઈ બધી તકો મૂર્ખપણાથી ગુમાવી બેશીએ છીએ. મોઢેથી ખૂબ મીઠી મીઠી વાતો કરીએ અને હાથે કુડા કામો કરીએ એ આપણા જેવા કુલ શીલવાન કહેવાતા માણસો માટે શું યોગ્ય ગણાય? આપણી સ્થિતિ તો ભણ્યા પણ ગણ્યા નહીં, એવા ચેલાઓ જેવી થઈ ગઈ છે.

આપણો કૃત્રિમ અને આપણા હાથે જ નિર્માણ કરેલો ખોટો અંધાપો શું નથી છોડવો? વારંવાર ફરી આ માનવજન્મ મળશે? ધર્મવિહીન આચરણ કરવાની તક ઘડી ઘડી મળશે એવી ખાત્રી છે? કોઇ જ્યોતિષી અને જ્ઞાની ગુરૂએ એવુ આશ્વાસન તમને આપી દીધું છે? કોના ભરૂસે તમે આ બેદરકારી કરી રહ્યા છો? શું તમને આ જીવનની અસ્થિરતા સમજાઈ નથી? આજે જે આનંદપ્રમોદ અને લહેર અનુભવાય છે તે કરૂણ દુઃખમાં અને વેદનામાં ફેરવાઈ નહીં જાય એવી તમારી ખાત્રી છે? નિત્ય પરિવર્તનશીલ જગતમાં કોઈપણ વસ્તુ અને પરિસ્થિતિ સ્થિર રહેતી નથી, રહી નથી અને ભવિષ્યમાં


For Private And Personal Use Only

રહેવાની નથી, એ વસ્તુ શું આપણને કોઇ સમજાવે ત્યારે જ સમજાય એવી છે?

મનુષ્ય જીવનની દુર્લભતા શું આપણે નથી જાણતા? પણ જાણતા છતા આપણે બેદરકાર રહી સુખને આધીન થઈ આ દુર્લભ જન્મ વેડફી નાખવાના? આપણા ક્ષયોપશમ અને આવડતનો ઉપયોગ કરી યથાશક્ય કાંઈક કરી છુટવાની અને પુરૂષાર્થ કરી બતાવવાની ઈર્ષ્યા જો આપણે રાખીએ તો જ આ માનવભવનું યત્કિંચિત સાર્થક્ય કર્યું કહેવાય. એમ આપણે ન કરી શકીએ તો આપણને મળેલો માનવભવ વ્યર્થ જ ગયો એમ કહેવામાં હરકત નથી ચિંતામણિ રત્ન કાગડો ઉડડવા માટે ફેંકી દેવા જેવું એ આપણું કૃત્ય કહી શકાય.

ઘણા લોકોના એવી માનતા હોય છે કે, મોટા ગણાતા સંત મહાત્માઓ કે ગણધરો અને સિદ્ધ પુરૂષોના ત્યાગ અને તેમનુ વૈરાગ્ય અને પરાક્રમ આપણાથી થાય જ કેમ? એ બધા મોટા માનવ-મહંતો હતા. એમની શક્તિ અને જ્ઞાન ક્યાં અને આપણા જેવા પામર પ્રાણિઓની લાયકી ક્યાં? આપણાથી એમાનું કાંઈ પણ થવુ અશક્ય છે માટે આપણાથી એવું કાંઈ થાય એવી આશા રાખવી ખોટી છે. આ બધા બાલોચિત માયકાંગલા વિચારો આપણે કરવા એ આપણી નાલાયકી અને અણઆવડત બતાવી આપે છે. આપણે એ બાબતમાં [illegible]ા વિચાર કર્યો જ નથી એ સ્પષ્ટ જોવામાં આવે છે.

જે લોકો મહાન યોગી સંત, મહાત્મા, જ્ઞાની થઇ ગયા તેઓ શું પહેલાથી એવા જ હતા? કહેવુ પડશે કે એ આપણી મોટી ભ્રમણા છે. સત્ય વસ્તુ એવી છે કે, જે પુરૂષો તીર્થંકર જેવી અદ્ભુત અને અનુપમ પદવી પ્રાપ્ત કરી ગયા તેઓ હાલની આપણી પરિસ્થિતિ કરતા તો ઘણી જ ઉતરતી કક્ષામાં હતા. બધી જીવયોનિઓ વટાવી અનંત ભવો રખડી પછી જ તેઓ સામાન્યમાંથી મહાન થઇ શક્યા હતા. ત્યારે આપણે આવી નમાલી વાતો શા માટે કરીએ? જ્યારે આપણા કરતા પણ ઉતરતી દશામાંથી સર્વશ્રેષ્ઠ પદવી મેળવી શકય છે, ત્યારે આપણે નિરાશ થવાનું શું કારણ છે? એક પર્વતની ટોચ ઉપર જો આપણે જવુ હોય તો તે દિશામાં એકેક પગલુ આગળ વધવું પડશે. ડગલે ડગલે અડચણો, સ્ખલના નિરાશા ભોગવવા પડશે પણ આપણો પ્રયત્ન યોગ્ય દિશામાં સતત ચાલુ રહેશે તો એક દિવસ એવો ઉગશે કે આપણે પર્વતની ટોચ ઉપર ઉભા રહીશુ, અને આ વિશ્વ કરતલામલકવત્ સાક્ષાત જોઇ શકીશુ અને આત્માનું સંપૂર્ણ વૈભવ આપણે અનુભવી શકીશું પણ એ બધુ થવા માટે આપણે નિરાશાને ફગાવી દેવી પડશે. વિચારના મજબુત વજ્ર જેવા પાયા ઉપર ઉભા રહી આપણું આક્રમણ ચાલુ રાખવું પડશે. જીવનની ક્ષણભંગુરતા દૃષ્ટિ સામે સતત રાખી આત્મોન્નતિ માટે આપણું જીવન ઉન્નત કરવાનું બધાઓને સૂઝે એવી ભાવના [illegible] વિરમીએ છીએ.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્તમ શીલ

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

**शील परं भूषणम् ।**

જીવન સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે જેટલા સાધનોની આવશ્યક્તા છે, તે સર્વમાં ઉત્તમ શીલનું સ્થાન અત્યંત ઊંચુ છે એટલું જ નહિ પણ એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી કે વિજયપ્રાપ્તિ માટે બુદ્ધિમત્તા, તથા ધન સંપત્તિ કરતાં ઉત્તમ શીલની વધારે આવશ્યકતા છે ઘણે ભાગે જોવામાં આવે છે કે સંપત્તિમાન તથા સુશિક્ષિત મનુષ્યો પણ ઉત્તમ શીલના અભાવે પોતાની ઉદ્દંડ વૃત્તિને લઇને અપમાનિત તથા પાયમાલ બને છે, અને ધર્મહીન તથા અલ્પ શિક્ષિત મનુષ્ય શીલવાન હોવાથી સમાજમાં પૂજ્ય મનાય છે, તે મનુષ્યમાં ઉત્તમ શીલ હોય છે, તેને પોતાના વિષયમાં બીજા લોકો તરફથી સિફારસની આવશ્યક્તા હોતી નથી, કેમકે તેની સિફારસ કરનાર તેનું પોતાનું શીલ જ છે. વિદેશયાત્રામાં તેમજ અપરિચિત મનુષ્યોમાં માણસને સૌથી શ્રેષ્ટ સહાય કરનાર કેવલ તેનું શીલ જ થઈ શકે છે. હંમેશા આપણા જોવામાં આવે છે કે કોઈ મનુષ્ય ગમે તેટલો ઉચ્ચ ઉદ્દેશ યુક્ત હોય અને સમ્યક રીતે શિક્ષિત હોય તોપણ જ્યારે કોઈ સમાજમાં અસભ્ય આચરણ કરવા લાગે છે ત્યારે સર્વ લોકો તેવા મનુષ્યની સંગતનો ત્યાગ કરવાનું જ વધારે પસંદ કરે છે.

અમુક મનુષ્યો કેવા છે તે તેના વચનો અથવા કાર્યો ઉપરથી જાણી શકાતું નથી. તે જાણવા માટે એટલું જોવું જોઇએ કે તે મનુષ્ય કોઈ પણ કાર્ય કયી રીતે કરે છે તે ઉપરથી તેનું ચારિત્ર્યનું સંપૂર્ણ રીતે જ્ઞાન થઈ શકે છે. કોઈ મનુષ્ય જ્યારે કાંઈ કહે છે અથવા કરે છે ત્યારે તેનાં વચનો અને કાર્યો ઉપરથી તેનાં આંતરિક અને વાસ્તવિક સ્વભાવનું જ્ઞાન થાય છે. કોઈ માણસને દ્રવ્ય આપતી વેળાએ તેના તરફ જે સજ્જનતા બતાવવામાં આવી હોય છે તેમાથી તે જેટલા પ્રસન્નચિત્ત બને છે તેટલો અલ્પધન સંબધી કૃપા બતાવવાથી નથી બનતો. જો કોઈ માણસને કઠોર વચન કહીને કાંઈ દ્રવ્ય આપવામાં આવે છે તો તે કદિ પ્રસન્ન થતો નથી. આથી સ્પષ્ટ થાય છે કે દ્રવ્ય આપવાથી રીતથી તે જેટલો પ્રસન્ન અને કૃતજ્ઞ બને છે તેટલો તે દ્રવ્યથી નથી બનતો એથી ઊલટું એ પણ જોવામાં આવે છે કે જો કોઇ માણસની ઇચ્છા પૂર્ણ ન કરી શકાય એમ હોય અને આપણે તેને નમ્રતાપૂર્વક ના કહીએ તો તેને કદિપણ ખોટું લાગતું નથી.

શીલવાન મનુષ્યમાં એક વિશેષગુણ એ રહેલો છે કે તેમાં પોતે પ્રફુલ્લિત રહે છે અને પોતાના સાથીઓને પણ પ્રફુલ્લિત બનાવે છે. એતો એક સામાન્ય વાત છે કે કેઇ બે મનુષ્યો કોઇ વાર્તા કહેવા બેસે અને બન્ને એક જ વાર્તા કહેતા હોય તો પણ સંભવિત છે કે તે બેમાં એકની શૈલી અધિક મનોરંજક અને ચિત્તાકર્ષક માલુમ પડશે અને બીજાની શૈલી નીરસ તથા આળસ્યજનક લાગશે એનુ કારણ એ છે કે એક મનુષ્ય એવી શૈલીથી કહેશે કે સઘળા સાંભળનાર મુગ્ધ બની જશે, પરંતુ બીજામાં એ વાતનો અભાવ જોવામાં આવશે. તાત્પર્ય એ છે કે ઉત્તમ શીલ કોઇપણ મનુષ્યને નાની મોટી સઘળી વાતોમાં શીઘ્રતાથી સમાજપ્રિય–લોકપ્રિય બનાવી મૂકે છે.

નમ્રતા તથા સહિષ્ણુતા ઉત્તમશીલના મુખ્ય અંગ છે. ખરેખરા શીલવાન સત્પુરુષ એજ છે કે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજાના નાના નાના અપરાધો તરફ ઉદારતાપૂર્વક ક્ષમાદૃષ્ટિથી જુએ. જે માણસ બીજાના તુચ્છ તેમજ ક્ષમ્ય દોષો તરફ ક્ષુબ્ધ અને ક્રૂદ્ધ બની જાય છે તેણે એવી આશા કદિ પણ ન રાખવી કે બીજા લોકો તેના અક્ષમ્ય ઉદ્દડતા તથા ઉચ્છૃંખલ વૃત્તિ તરફ ક્ષમાદૃષ્ટિથી જોશે. મનુષ્યસમાજ એક મહાન ન્યાયાધિશ છે. તેનામાં એટલુ સામર્થ્ય તો અવશ્ય રહેલું છે કે તે છેવટે કોઈ પણ મનુષ્યની યોગ્યયોગ્તાનો સાચો નિર્ણય કરી લે છે, એટલા માટે દરેક મનુષ્યને માટે ઉચિત છે કે તેણે એવું આચરણ કદિ પણ ન કરવું જોઈએ કે જેથી અન્ય લોકોને એમ કહેવાની તક મળે કે તે માણસ નીચ તથા સ્વાર્થવૃતિ પરાયણ છે. કેટલાક મનુષ્યો પોતાની વિદ્વત્તા અથવા પૈસાના ઘમંડથી બીજા તરફ ધૃણાયુક્ત દૃષ્ટિથી જુએ છે. પરંતુ તે તેમની ભૂલ છે, આખરે પણ એ માટે તેઓને પસ્તાવું પડે છે, બીજાની ગુપ્ત વાતને જાણવાનો યત્ન કરવો, જાણ્યા પછી તે વાતો પ્રકટ કરી દેવી, સંભાષણ કરતી વખતે પોતાની જ પ્રશંસા કરવી પોતાની બુદ્ધિમત્તા બતાવવા ખાતર બીજાની વાતોને નકામી ગણવી, કોઈનું કાંઈપણ સાંભળવું નહિ, ખૂબ મોટેથી ખડખડ ટ હસવું, પૂજ્યજનોનું અપમાન કરવું તથા તેની હાંસી કરવી, કોઈ નવા અતિથિ સાથે અસભ્યતાથી વર્તવું બીજા તરફથી સન્માન પામીને કૃતજ્ઞતા પ્રકાશિત ન કરવી, બીજાને પૂછવામાં આવેલ પ્રશ્નનો જવાબ પોતેજ આપવો ઇત્યાદિ બાબતો એવી છે કે જે મનુષ્યના શીલમાં વાંધાકારક થઇ પડે છે. જે મનુષ્ય પોતાનું હિત ઇચ્છે છે તેણે તેનાથી હમેશાં બચતા રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ઘણા મનુષ્યો સમાજમાં કેવળ એટલા માટે તિરસ્કારપાત્ર અને અપમાનિત બને છે કે તેઓને બીજા લોકોની ટીકા કરવાની ટેવ પડી ગઇ હોય છે. બીજા લોકોની અનુચિત હાંસી કર્યા વગર તેઓને અન્ન પચતું નથી. કોઈ કોઇ તો એવા મહાપુરૂષો હોય છે કે તેઓ પોતાના સારામાં સારા મિત્રની સાથે પણ શત્રુતા કરવા તૈયાર હોય છે, પરંતુ મશ્કરી કરવાની પોતાની ખરાબ ટેવ છોડી શકતા નથી. ખરૂં કહીએ તો જેવી રીતે કોઇ પણ માણસને અયોગ્ય કાર્ય કરવાનો અધિકાર નથી તેવી રીતે કોઇની અનુચિત હાંસી કરવાનો પણ અધિકાર નથી. તેનાથી કશો લાભ થતો નથી. ઊલટું નુકસાન એ થાય છે કે જે માણસ જીવન પર્યંત તમારો સહાયક બની શકે તેમ હોય છે તે તમારી મૂર્ખાઇને લઇને સદાને માટે તમારો શત્રુ બની જાય છે. મિત્રતા રૂપી લતાને નષ્ટ કરવા માટે હાંસી કરતાં વિશેષ નાશકારક ઝેર બીજું એક પણ નથી. કોઇનું દિલ દુભાવવું એ હિંસા ગણાય છે. પરંતુ સાચું તો એ છે કે તે આત્મહિતનું પણ ઘાતક છે. એટલા માટે આપણે એ બાબતોમાં હમેશાં સાવધાન રહેવું જોઇએ. કેટલાક મનુષ્યો કહ્યા કરે છે કે તે બાબતો તુચ્છ છે, તેનાથી શીલ સચ્ચારિત્ર ઉપર કોઇ પણ અસર થતી નથી, પરંતુ સ્મરણમાં રાખવા જેવી વાત છે કે સારા કે નરસા ચારિત્રનો આધાર એ તુચ્છ બાબતોની ન્યૂનાધિકતા ઉપર જ છે. જેવી રીતે પાઈ પાઇ બચાવીને ધનવાન બની શકાય છે તેવી રીતે આપણે નાની નાની બાબતો પર ધ્યાન આપવાથી સજ્જન અને ચારિત્રવાન બની શકીએ છીએ.

ઉત્તમ શીલ કોઇ પણ વ્યક્તિ વિશેષને માટે આવશ્યક છે એટલું જ નહિ પણ તે એક એવો અમૂલ્ય ગુણ છે કે જેના વગર મનુષ્ય જીવનના કોઇ પણ વ્યવસાયમાં કે ક્ષેત્રમાં સુખી તથા સફળ બની શકતો નથી. જગતમાં એવા અનેક કદ્રુપા, ધન-વગરના અને વિદ્યા વગરના મનુષ્યો થઇ ગયા છે કે જેઓ કેવળ શીલવાન તથા સદાચારી હોવાને કારણે જ ઇતિહાસના પૃષ્ઠો અલંકૃત કરીને પોતાનું નામ અમર કરી ગયા છે. સ્વ. ગોપાલકૃષ્ણ ગોખલે માટે એમ કહેવાય છે કે તેઓ લોકોને પોતાની ઉત્તમ વકતૃત્વશક્તિ અને વિદ્વત્તાથી જીતવાનું પસંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા હતા તે કરતાં વધારે તેઓ લોકોને પોતાના ઉત્તમ શીલથી પ્રસન્ન કરી પોતાની તરફ ખેંચી લેતા હતા. સુપ્રસિદ્ધ ન્યાયમૂર્તિ સ્વ. રાનડેમાં એટલી શક્તિ હતી કે તેઓ ગમે તેવા કઠણ હૈયાના ગુન્હેગાર પાસે પણ તેનો ગુન્હો કબૂલ કરાવી લેતા હતા. સ્વ. ડી. એમ. તાતા એવા કાર્યકુશળ હતા કે તેમને જોતાંવેત જ તેની કંપનીના નોકરોમાં કાર્ય કરવાની સ્ફૂર્તિ આવી જતી હતી, સ્વ. સર જમશેદજી તાતા જો કે પહેલાં નિર્ધન વ્યવસાયી હતા તો પણ તેઓ પોતાના મધુર ભાષણ અને અનુકરણીય શીલને લઈને અઢળક સંપત્તિના સ્વામી બન્યા હતા. આવા તો અનેક ઉદાહરણો આપી શકાય. સઘળા દેશરત્નોના જીવન આપણી સામે પોકાર કરીને શીલવાન–ચારિત્રશીલ બનવાનો જ ઉપદેશ આપી રહ્યા છે.

કેટલાક લોકોમાં એવી ભ્રમણાત્મક ધારણા પેસી ગઈ હોય છે કે શીલવાન, નમ્ર તથા મિષ્ટભાષી પુરૂષનો બીજા લોકો ઉપર જરા પણ પ્રભાવ પડતો નથી, અર્થાત્ તેનો રૂઆબ બીજા પર જામતો નથી. પરંતુ એ ધારણા બિલકુલ મિથ્યા છે. સાચી વાત તો એ છે કે એવા મનુષ્યોની જાતિ, સમાજ તથા દેશ ઉપર એટલી બધી અસર થાય છે કે કોઈ પ્રભુતા પામેલા અધિકારીઓની પણ તેટલી હોતી નથી. કેમ કે એવા મનુષ્યોનો રૂઆબ અને પ્રભાવ બીજા મનુષ્યના હૃદય પટપર પ્રેમના સ્વાભાવિક બંધનવડે અંકિત થઈ જાય છે. પરંતુ જે મનુષ્ય પોતાનો પ્રભાવ બીજા લોકો ઉપર શક્તિનો ઉપયોગ કરીને જમાવે છે તે પ્રભાવ શક્તિઓ દ્વારા થવાથી નષ્ટ થઈ જાય છે. અને તેથી કરીને તે ચિરસ્થાયી થઈ શકતો નથી. નમ્ર, શીલવાન તથા મિષ્ટભાષી હોવું તે માનસિક નિર્બળતા નથી. પરંતુ તે એક એવી અજબ માનસિક શક્તિ છે કે જેની સામે નીચતા કઠોરતા અને દુર્જનતા આદિ પશુવૃત્તિઓ લાચારીથી શિર ઝુકાવે છે.

પરંતુ બાહ્ય દેખાવમાં શીલમાં એટલી શક્તિ હોતી નથી. ખરાબ અને નક્કલમાં ભેદ રહે છે. તે સિવાય એક વાત એ પણ છે કે એવ પ્રકારનાં શીલનો ભેદ તરત જ ખુલ્લો પડી જાય છે. સભ્યતાના તત્વપૂર્ણ ગ્રંથોનું પરિશીલન કરવાથી ખરેખરા શીલવાન બની શકાતું નથી. કેમકે શીલવાન મનુષ્યને સ્વાર્થ અને માનાપમાનના વિચારને તિલાંજલી આપવી પડે છે. મનુષ્યનું સાચું શીલ જ તેના ઐહિક તેમજ પારલૌકિક કલ્યાણનું મુખ્ય સાધન છે. સાચા શીલની સહાયથી જ મનુષ્યને ધર્મ, યશ, સંપત્તિ, ઐશ્વર્ય, જ્ઞાન, વૈરાગ્ય વગેરે ગુણોની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં મહાભારતના શાંતિપર્વમાં એક પ્રાચીન કથાનક છે જેનો સાર નીચે મુજબ છે.

ઇન્દ્ર પોતે બ્રહ્મજ્ઞાની હતા. તેણે ઘણાને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો, પણ જ્યારે તે એક વખત પોતાનાં રાજ્યથી ભ્રષ્ટ થઈ ગયા અને પ્રહ્લાદે ત્રિલોકનું સ્વામિત્વ મેળવ્યું ત્યારે તેણે પોતાના ગુરુ બૃહસ્પતિને કહ્યું કે મને બતાવો કે મારૂં શ્રેય શામાં રહેલું છે. પછી ગુરુજીએ ઇન્દ્રને આત્મજ્ઞાનનો ઉપદેશ આપીને કહ્યું કે શ્રેય એમાં રહેલું છે. એ જવાબથી ઇન્દ્રના મનનું સમાધાન થયું નહિ. તેથી તેણે પુન પ્રશ્ન કર્યો કે શું બીજું કાંઇ વિશેષ છે? ત્યારે ગુરુજીએ તેને શુક્રાચાર્ય પાસે મોકલ્યો. ત્યાં પણ તેવીજ સ્થિતિ થઇ. શુક્રાચાર્યે કહ્યું કે હું કાંઇ અધિક જાણતો નથી, તમે પ્રહ્લાદ પાસે જાઓ છેવટે રાજ્યભ્રષ્ટ ઇન્દ્ર બ્રાહ્મણવેશ ધારણ કરીને પ્રહ્લાદના સિષ્ય બની તેની સેવા કરવા લાગ્ય. એક દિવસ પ્રહ્લાદે ઇન્દ્રને કહ્યું કે શીલ એજ ત્રૈલોકનું રાજ્ય મેળવવાની ખરેખરી ચાવી છે. અને તેજ શ્રેય છે. બસ ઇન્દ્રનું કામ થઈ ગયું. પ્રહ્લાદ ઇન્દ્રની સેવાથી પ્રસન્ન થઈ ગયા હતા. તેણે કહ્યું કે વરદાન માગો. બ્રાહ્મણવેશધારી ઇન્દ્રે વરદાન માગ્યું કે આપ મને આપનું શીલ આપો. પ્રહ્લાદે 'તથાસ્તુ' કહ્યું કે તરત જ તેનાં શીલની સાથે ધર્મ, સત્યવ્રત, શ્રી, ઐશ્વર્ય વગેરે સર્વ તેના શરીરમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાર નીકળી ઇન્દ્રના શરીરમાં પ્રવિષ્ટ થઇ ગયા. પરિણામે ઇન્દ્રે પોતાનું રાજ્ય પ્રાપ્ત કર્યું. ઉપરોક્ત કથાનક ઉપરથી વાચકોને શીલનું મહત્વ સારી રીતે સમજાશે. અને શીલના વિષયમાં આપણા પૂર્વજોના વિચારો કેવા હતા તેનો પણ યથાર્થ ખ્યાલ આવશે.

એ ઉત્તમ શીલથી આટલો બધો લાભ થઇ શકે છે. જો કે શીલવાન મનુષ્ય વગર યત્ને સંપત્તિ અને યશ પ્રાપ્ત કરી શકે છે. જો શીલદ્વારા તલવારથી પણ અધિક પ્રભાવ ઉત્પન્ન કરી શકાય છે. જો શીલવાન બનવાથી આપણી જીવનયાત્રાના સર્વ વિઘ્નકંટકો દૂર થઈ શકે છે તો પછી આપણે ઉત્તમ શીલવાન બનવાનો યત્ન શા માટે ન કરવો જોઇએ? વાત તો એ છે કે: "**विद्या ददाति विनयं**"ની અનુસાર સઘળા શિક્ષણનો ઉદ્દેશ એ હોવો જોઇએ કે તેનાથી આપણે ઉત્તમ ચારિત્રવાન અને સુશીલ નાગરિક બનીએ. વિદ્યાર્થીઓ દેશના ભાવિ સ્તંભ રૂપ છે. તેઓએ વિચારવું જોઇએ કે સજ્જનતા વગર કોઈ પણ મનુષ્ય દેશનું હિત સાધી શકતો નથી. એટલા માટે સ્વદેશ હિતચિંતકોને માટે વિદ્વાન તથા કર્તવ્ય પરાયણ બનવા ઉપરાંત ઉત્તમ શીલવાન બનવાની ખરેખરી આવશ્યકતા છે. જુઓ આપણા રાજયોગી ભર્તૃહરિ શું ઉપદેશ આપે છે?

**ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो**
**ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः ।**
**अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजता**
**सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ॥**

સારાંશ એ છે કે જીવન-સંગ્રામમાં સફલ મનોરથ થવા માટે શીલ એક એવો અમોઘ ઉપાય છે કે જે પ્રત્યેક મનુષ્યની સ્વાધીનતામાં છે. ખરૂં કહીએ તો શીલવાન બનવું તે આપણા પોતાના જ હાથની વાત છે. શીલવાન મનુષ્યે પોતાના બાહ્ય આચરણ તેમજ આંતરિક મનોભાવો ઉપર પૂરેપૂરૂં ધ્યાન આપવું જોઈએ. જેવી રીતે પ્રસન્નતા, નમ્રતા, સહિષ્ણુતા, ઉદારતા વગેરે ઉચ્ચ ભાવો આવશ્યક છે. તેવી રીતે કોઈની પણ અયોગ્ય હાંસી ન કરવી એ નાની નાની વાતો પણ તેટલી જ આવશ્યક છે. એટલા માટે જ કહ્યું છે કે શીલ જ મનુષ્યનું ખરેખરૂં ભૂષણ છે.

# વાર્ષિક મહોત્સવ

આપણી સભાના વાર્ષિક મહોત્સવ નિમિત્તે દ્વિતિય જેઠ શુ. ૨ તા. ૧૫-૬-૬૧ના સભાના સભ્યો તળાજા મુકામે ગયા હતા જ્યાં આ સભાના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ મુળચંદ ભાઈ નાનજીભાઇના સુપુત્ર શ્રી ગુલાબચંદભાઈ તરફથી શ્રી તાલધ્વજગિરિ ઉપર શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા રાગરાગણી પૂર્વક ભણાવવામાં આવી હતી, ત્યારબાદ સ્વ. વોરા હઠીચંદ ઝવેરચંદ તરફથી મળેલ આર્થીક સહાય તેમજ તેઓશ્રીના ધર્મપત્નિ હેમકુંવરબેને આપવાની રકમના વ્યાજવડે સભાના સભ્યો તેમજ યાત્રિક ભાઇઓ માટે યોજવામાં આવેલ સ્વામિવાત્સલ્યનો સારી સંખ્યામાં સૌએ લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# અવસાન નોંધ

આપણી શ્રી જૈન આત્માનંદ સભાના ખજાનચી પદે જેમણે ૧૬ વર્ષ સુધી અવિરત સેવા આપી તે શેઠ શ્રી અમૃતલાલ છગનલાલનું સં. ૨૦૧૭ના દ્વિતીય જેઠ શુદ ૩ને શુક્રવાર તા. ૧૬–૬–૬૧ના સવારે ૭ વાગતા અવસાન થયું તેની નોંધ લેતા અમે દિલગીરી અનુભવીએ છીએ.

સ્વ. શેઠ શ્રી સેવાભાવી, કેળવણીપ્રેમી અને સત્યનિષ્ઠ સેવક હતા. સમયને પીછાણી સુખડીયા જ્ઞાતિની ઉન્નતિ માટે તેમણે કમર કસી પાઇફંડની યોજના કરી આગળ ધપાવી અને તેમના પ્રયત્નેને એક સુંદર ફળ આવ્યું. તે સુખડીયા વિદ્યાર્થીગૃહ. તેઓ સમાજના કામ માટે ઉદાર હાથે દાન આપતા. સમાજના અને જ્ઞાતિના કોઈપણ કાર્યમાં તે આગળ આવી ધગશ અને ઉત્સાહથી કામ કરતા.

આપણી સંસ્થા પ્રત્યે તો તેમનો અનહદ પ્રેમ હતો. સંસ્થાના ખજાનચી પદે રહી તેમણે સંસ્થા પ્રત્યેનો તેમનો અજોડ પ્રેમ બતાવી આપ્યો છે. તેમના સહવાસમાં જે આવે તેમને પણ તેઓ સમાજ સેવા માટે પ્રેરણા આપતા.

તેમના જવાથી જૈન સમાજને અને સુખડીયા જ્ઞાતિને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેમનો આત્મા ચિરસ્થાયી શાંતિ પામે એવી પ્રાર્થના.

## શ્રી જૈન આત્માનંદ સભાની તા. ૧૭–૬–૬૧ના રોજ મળેલી સામાન્યસભાએ કરેલ ઠરાવઃ–

આ સભાના પહેલા વર્ગના આજીવન સભ્ય શ્રીયુત અમૃતલાલભાઈ છગનલાલ શેઠના સં. ૨૦૧૭ના બીજા જેઠ સુદી ત્રીજ તા. ૧૭–૬–૧૯૬૧ શનિવારના રોજ મળેલી આ સભાની વ્યવસ્થાપક સમિતિ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે. સ્વર્ગસ્થ શેઠશ્રીએ આ સભાને સં. ૧૯૯૨ થી સં. ૨૦૦૮ સુધી લાગલાગટ સોળ વર્ષ સુધી ટ્રેઝરર્ તરીકે નિઃસ્વાર્થ ભાવે જે સેવા આપી હતી અને આ સભાને મક્કમ પાયા ઉપર મૂકવામાં જે ફાળો આપ્યો હતો તે આ સભાના ઇતિહાસમાં હંમેશને માટે અંકિત રહે તેવો છે.

શેઠશ્રી અમૃતલાલભાઈએ પાઈફંડ શ્રી સુખડીયા વિદ્યાર્થીગૃહ શરૂ કરી તેમની જ્ઞાતિની પણ સુંદર સેવા બજાવી હતી. તેમણે પોતાને મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરી બીજાને માર્ગદર્શક દાખલો બેસાડ્યો છે. તેમના અવસાનથી તેમની જ્ઞાતિને પણ મોટી ન પૂરાય તેવી ખોટ પડી છે. સ્વર્ગસ્થ ધાર્મિકવૃત્તિના હતા અને દેવ ગુરુ, ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવતા.

આ સભા તેમના આત્માની શાંતિ ઈચ્છે છે અને સદ્ગતના કુટુંબીએ પર આવી પડેલ આ દુઃખ માટે પોતાની સમવેદના વ્યક્ત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૩ સામાન્ય કર્તાઃ ૧ શ્રી જયંતીલાલ હીરાચંદ.

આ ઉપરાંત નીચેના ૧૦ સભ્યોને તા. ૬-૭-૬૧ની વ્યવસ્થાપક સમિતિની મીટીંગમાં ચુંટણી પદ્ધતિથી કોઓપ્ટ કરવામાં આવ્યા હતાઃ

૧ શ્રી વોરા મૂળચંદ ગોરધન ૨ શ્રી ખીમચંદ ચાં. શાહ, ૩ શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ ૪ શ્રી ખીમચદ ફુલચંદ ૫ શ્રી પ્રેમચંદ ગોવીંદજી, ૬ શ્રી કાન્તિલાલ જે. દોશી, ૭ શ્રી ભોગીલાલ જીવરાજ, ૮ શ્રી બાલુભાઇ પ્રેમચંદ ૯ શ્રી મણીલાલ મગનલાલ ૧૦ શ્રી હીરાચંદ મણીલાલ.

શ્રી જૈન સંઘની તા. ૧૨-૭-૬૧ની વ્ય. સ. ની મીટીંગમાં શેઠશ્રી ભોગીલાલ મગનલાલ શાહની પ્રમુખ તરીકે તથા શ્રી ખીમચંદભાઇ ચાં. શાહની ઉપપ્રમુખ તરીકે તથા શ્રી ચત્રભુજ જે. શાહ, શ્રી જગજીવન ભ. શાહ તથા શ્રી પરમાણંદ ન. વોરાની મંત્રીઓ તરીકે ચુંટણી થઇ હતી તેમજ બીજા ૧૬ સભ્યોની કાર્યવાહી ચુંટવામાં આવી હતી.

## રૂા. અઢી લાખને ખર્ચે બંધાયલા

## શ્રી. દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલયનું ઉદ્ઘાટન

રૂા. અઢી લાખનાં ખર્ચે સુંતમાં તૈયાર કરવામાં આવેલા શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલયના નવા મકાનનું ઉદ્ઘાટન મુંબઇના આગેવાન નાગરિક શ્રી ચીમનલાલ ખુબચંદ શાહે તા. ૧૮-૬-૬૧ કર્યું હતું. આ સમારંભમાં સેશન્સ જજ શ્રી જયંતિલાલ શેઠ, સુરત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી જયંતિલાલ વખારીઆ, વગેરે અગ્રણીઓ હાજર હતા.

સમારંભની શરૂઆતમાં શ્રી ઠાકોરભાઈ મેલાપચંદ શાહે કહ્યું હતું કે, જૈનો માટે આજનો દિવસ માંગલિક છે. વિષમકાળમાં પણ જૈન સમાજે આવા કાર્યોમાં ઘણું પ્રોત્સાહન આપ્યું છે, અને તેમાં ઉદાર દાનની શરૂઆત શ્રી દલીચંદભાઇએ કરી છે.

**ખર્ચ-દાનની વિગતો**

શ્રી ઉજમશી શાહે જણાવ્યું હતું કે, સં. ૧૯૭૫માં વડાચૌટા જૈન વિદ્યાર્થી આશ્રમની સ્થાપના થઇ પછી સંસ્થાનાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહી, એટલે બીજા વિદ્યાર્થીઓને રાખવાનું તેમાં મુશ્કેલ બન્યું. શ્રી શ્રોફે સંસ્થાને ૫૦૦૦૦ રૂા. ની રોકડ રકમનું ને રૂા. ૩૦૦૦૦ની જમીન દાનમાં આપી અને તેના પર આ ઇમારત ખડી કરવામાં આવી. આ સંસ્થાને બીજા રૂા. ૧,૭૨,૯૯૪ના દાન મળ્યા છે. બીજા રૂા. ૧૯૦૦૦ના દાનના વચન મળ્યા છે. ચાલુ વર્ષે આ સંસ્થામાં ૬૦ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવશે. શ્રી દલીચંદ શ્રોફ વરસો સુધી ખુબ જહેમત ઉઠાવીને એકલા હાથે સંસ્થા ચલાવી મોટું દાન આપી તેને એક અદ્યતન છાત્રાલય બનાવ્યું છે

ડૉ. અમીચંદ છગનલાલ શાહે જણાવ્યું હતું કે, નાની શરૂઆતથી શરૂ થયેલા બોર્ડીંગ વિરાટ સ્વરૂપ ધારણ કરે છે, એ આનંદપ્રદ બીના છે.

શ્રી દલીચંદ વીરચંદ શ્રોફે જણાવ્યું હતું કે, સુરત જિલ્લા ને ગુજરાતના જૈન વિદ્યાર્થીઓ માટે એક આદર્શ છાત્રાલય સ્થાપવાની મારી ઘણા વર્ષની ભાવના હતી, તે આજે આપ સહુના સહકારથી સિદ્ધ થાય છે, એ માટે હું આપ સહુનો આભાર માનું છું.

સંસ્થાના સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી અમૃતલાલ શાહને તેમણે બજાવેલ સુંદર કામગીરી બદલ પ્રમુખશ્રીને હસ્તે સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો અંતમાં શ્રી નેમચંદે આભારવિધિ કરી હતી.

સંસ્થાને રૂક્ષ્મણીબેન દલીચંદ શ્રોફ તરફથી સ્ટેન્લેસ સ્ટીલનાં ૬૦ વિદ્યાર્થીને ચાલે એમ વાસણો ભેટ તરીકે મળ્યાં છે વિદ્યાર્થીઓને જમવા માટેનાં ડાઇનીંગ ટેબલ તથા ખુરશીઓ પણ સંસ્થાને ભેટમાં મળ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. 431

# ચિંતન અને મનન

ત્સેકુંગ નામના શિષ્યે કૉન્ફુશિયસને પૂછયું : " મર્યા પછી ચૈતન્ય બાકી રહે છે ? " કૉન્ફુશિયસે જવાબ આપ્યો : " થોભી જા; પછી આ પ્રશ્નનો જવાબ તને પોતાને જ મળી જશે ! "

ચિવેન્ત્સેએ કૉન્ફુશિયસને કહ્યું, " હું કોઈ પણ કામ કરતા પહેલાં હંમેશ ત્રણ વખત વિચાર કરી જોઉં છું. કૉન્ફુશિયસે જવાબ આપ્યો : બે વખત વિચાર કરવો બસ છે. "

જો કોઇ માણસ પોતાની જાતને પૂછે નહિ કે, ' મારે શું કરવું ? ' – તો તેવા માણસ સાથે મારે શું કરવું, એ હું પણ જાણતો નથી. —કૉન્ફુશિયસ

કોઈ માણસને પોતાની ભૂલ થયેલી માલૂમ પડે અને તેને સુધારી ન લે, તો તે બીજી ભૂલ કરે છે. —કૉન્ફુશિયસ

' ચુ ' દેશના રાજાનું કીમતી ધનુષ્ય ખોવાઈ ગયું. ઘણા દિવસો સુધી શોધ કર્યા બાદ તેણે એમ કહીને નિરાંત વાળી કે, " શા માટે આ બધી પંચાત ? ' ચુ 'ના એક માણસે ખોયું, અને ' ચુ 'ના બીજાએ તેને મેળવ્યું. " જ્યારે કૉન્ફુશિયસે એ વાત સાંભળી, ત્યારે તેમણે કહ્યું, " એ રાજાએ ' ચુ ' શબ્દ પણ નકામો પકડી રાખ્યો ! "

તમે જે નથી જાણતા, તે તમે નથી જાણતા એટલું કબૂલ કરો, એ જ્ઞાન કહેવાય. —કૉન્ફુશિયસ

લોકો તમને જાણતા નથી એની ફિકર ન કરો; બીજાઓ તમને જાણે એવી તમારી લાયકાત નથી, એની ફિકર કરો.

કોઈ માણસ મહાન કાર્યો કરે એમ ઇશ્વર ઇચ્છે છે, ત્યારે પહેલાં તે તેના શરીરને ભૂખે મારે છે, તેના સ્નાયુઓને કચરી નાખે છે, મુશ્કેલીઓ અને તંગીમાંથી તેને પસાર કરે છે, અને તે જે કાર્ય કરવાનું હાથમાં લે, તેમાં તેને નિષ્ફળ કરે છે. —મેન્સિયસ

મોટા દેશ ઉપર રાજ્ય ચલાવવું હોય, તો મિનો-માછલી તળતા હો તેમ વર્તજો : તેમને કઢાઈમાં એમ ને એમ પડી રહેવા દેજો. —લાઓત્સે

હું પચાસ વર્ષ જીવ્યો, તે ૪૯ વર્ષ સુધીની ભૂલો જાણવા માટે. —કૉન્ફુશિયસનો મિત્ર ચુપોયુ

સદ્‌ગૃહસ્થ હંમેશાં ઈશ્વરની ઇચ્છાથી ડરે છે, મહાપુરુષોથી ડરે છે, મહાત્માઓના શબ્દોથી ડરે છે. બદમાસ કશાથી ડરતો નથી. —મેન્સિયસ

સામાન્ય માણસની પરીક્ષા તે અસામાન્ય પ્રસંગમાં કેવી રીતે વર્તે છે તે ઉપરથી કરવી; પરંતુ અસામાન્ય પુરુષની પરીક્ષા તે સામાન્ય બાબતોમાં કેવી રીતે વર્તે છે તે ઉપરથી કરવી. —ચેન ચીજુ

બીજા માણસનું કંઈક સારું સાંભળે ત્યારે હંમેશાં જે શંકાશીલ રહે. પણ કંઇક ખરાબ સાંભળવા મળે ત્યારે તેને માની લેવા તત્પર થઈ જાય, એવા માણસથી ચેતતા રહેજો. —ચેન ચીજુ

પ્રકાશક : ખીમચંદ ચાપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only